

**ફાર્માફેસ્ટ -૧૦માં દેશભરના વિદ્યાર્થીઓ** બરોડા કોલેજ ઓફ ફાર્મસી અને પારૂલ ઈન્સ્ટિટ્યૂટના સંયુક્ત ઉપક્રમે દેશભરના ૧૫૦૦ વિદ્યાર્થીઓએ ફાર્માફેસ્ટ-૧૦નામના કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

તસવીર ભરત પારેખ

# પારુલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસીમાં 'ફાર્માફેસ્ટ-૧૦'નું આયોજન

**વડોદરા.** વાઘોડિયા ખાતે આવેલી પારુલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસીમાં આજથી બે દિવસનો 'ફાર્માફેસ્ટ-૧૦'નો પ્રારંભ થયો હતો. બે દિવસના કાર્યક્રમમાં પ્રથમ દિવસે જ રાઇબોઝોમ વિષય પર રિસર્ચ કરીને નોબલ પ્રાઇઝ મેળવનાર યુનિ.ના પૂર્વ વિદ્યાર્થી વેંકીના 'ડીએનએ-આરએનએ' તથા 'સ્ટેમ સેલ' વિષય પર પોસ્ટર પ્રદર્શન સ્પર્ધા યોજાઇ હતી. પેટલાદની ધર્મજ ફાર્મસી કોલેજના વિદ્યાર્થી દિવ્યાંગ પટેલ અને જૈમિન ગાંધીએ જણાવ્યું હતું કે ડીએનએ-આરએનએ શરીરમાં કન્વર્ટ થતા શરીરમાં પ્રોટીન બને છે. જે શરીર માટે ખૂબ આવશ્યક ગણાય છે. પરંતુ શરીરમાં વધારે પ્રમાણમાં પ્રોટીન બની જાય તો હૃદય રોગ, ફેફસાનું કેન્સર અને ડાયાબિટીજ જેવા રોગો થાય છે. આ રોગોથી બચવા માટે હાલમાં રાઇબોઝોમના સ્ટ્રક્ચર સંશોધન ચાલી રહ્યા છે. તાજેતરમાં નોબલ પ્રાઇઝ વિજેતા વેંકીએ આના પર રિસર્ચ કર્યું છે. ધર્મજ ફાર્મસી કોલેજની બીજી ટીમે સ્ટેમ સેલ અને કલોનિગ તથા અસાધ્ય રોગો પર અસરો વિશે પ્રદર્શન રજૂ કર્યું હતું. એજ રીતે નાકથી દવા બ્રેઇન સુધી પહોંચાડવા માટે બરોડા કોલેજ ઓફ ફાર્મસીની વિદ્યાર્થિનીઓ શ્રદ્ધા અગ્રવાલ, મનાલી મુકાદમે પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.